તથ્યોને જાણો

કોરોનાવાયરસ રોગ (COVID-19) વિશે

COVID-19 એ કોરોનાવાયરસથી થતી એક બીમારી છે. માનવ કોરોનાવાયરસો સામાન્ય છે અને મૂળભૂત રીતે સામાન્ય શરદી જેવી હળવી બીમારીઓ સાથે સંકળાયેલ છે.

માનવ કોરોનાવાયરસના લક્ષણો ખૂબ હળવા અથવા વધુ ગંભીર હોઈ શકે છે, જેમ કે:

તાવ

ઉધરસ



શ્વાસ લેવામાં તકલીફ

વાયરસના સંસર્ગમાં આવ્યા પછી લક્ષણો દેખાવા માટે 14 દિવસનો સમય લાગી શકે છે.

કોરોનાવાયરસ સામાન્ય રીતે ચેપગ્રસ્ત વ્યક્તિદ્વારા આ રીતે ફેલાય છે:

- જ્યારે તમે ઉધરસ અથવા છીંક ખાઓ ત્યારે શ્વસનસંબંધી ટીપાં દ્વારા
- નજીકથી અંગત સંપર્ક, જેમ કે સ્પર્શ કરવાથી અથવા હાથ મિલાવવાથી
- જેના પર વાયરસ હોય તેવી કોઈ વસ્તુને સ્પર્શ કરવાથી, પછી તમારા હાથ ધોયા પહેલા તમારી આંખો, નાક અથવા મોંને સ્પર્શ કરવાથી

આ વાયરસ વેન્ટિલેશન સિસ્ટમ દ્વારા અથવા પાણી દ્વારા ફેલાતા હોવા માટે જાણીતા નથી.

ચેપના ફેલાવાને રોકવા માટેની શ્રેષ્ઠ રીત આ મુજબ છે:

- તમારા હાથને સાબુ અને પાણીથી ઓછામાં ઓછી 20 સેકંડ સુધી ધોવા;
- તમારી આંખો, નાક અથવા મોંને સ્પર્શ કરવાનું ટાળો, ખાસ કરીને ધોયા વગરના હાથ વડે;
- બીમાર લોકો સાથે નજીકથી સંપર્ક ટાળો;
- ઉધરસ અને છીંક તમારી બાંયમાં કરો, નહીં કે તમારા હાથમાં; અને
- જો તમે બીમાર હોવ તો ઘરે જ રહો જેથી બીજાને બીમારી ફેલાવવાનું ટાળી શકાય.

કોરોનાવાયરસ વિશે વધુ માહિતી માટે:
1-833-784-4397
canada.ca/le-coronavirus